ગાંધીનગર સમાચાર

ખેડૂતોને તમામ સુવિધા મળે તેવો મુખ્ય હેતુ : મોદી

નવીદિલ્હી,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાના કાર્યક્રમ મન કી બાતમાં ખેડૂતોની સમસ્યા અને સૂચનો ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. મોદીએ ભૂમિ અધિગ્રહણ બિલને લઇને દેશમાં થઇ રહેલા વિરોધના સંદર્ભમાં ઘણી બધી સ્પષ્ટ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, ભૂમિ અધિગ્રહણ બિલમાં ફેરફાર કરવાના સંદર્ભમાં ખોટી વાત લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે. ખેડૂતો ભ્રમમાં ન રહે અને ગેરમાર્ગે ન દોરાય તે ખુબ જરૂરી છે. સરકાર ભૂમિ અધિગ્રહણ કાયદો ૨૦૧૩માં જે ખામીઓ હતી તેને દૂર કરી રહી છે. સરકાર એવા સૂચનો ઉપર પણ વિચારણા કરશે જેનાથી ખેડૂતોને ફાયદો થઇ શકે છે. આકાશવાણી મારફતે વડાપ્રધાને દેશના લોકો સાથે પોતાના વિચારોની આપલે કરી હતી. મન કી બાત કાર્યક્રમમાં મોદી વારંવાર જુદા જુદા વિષયો ઉપર વાતો કરતા રહ્યા છે. ખેડૂતો સાથે આજે કરેલી મનની વાત અન્ય કાર્યક્રમો કરતા જુદા પ્રકારની રહી હતી. મોદીએ કહ્યું હતું કે, આ એક અલગ અનુભવ છે. દેશભરના ખેડૂતોને પ્રશ્નો કરવામાં આવ્યા હતા. ખેડૂતોની પીડાને જાણીને તેઓ ચોંકી ગયા છે. તેમના માટે મન કી બાત

કાર્યક્રમ એક શિક્ષણ તરીકે છે. ખેડૂતોએ પોતાના મુશ્કેલ સમયમાં પણ વાતચીત કરી છે તે ખુબ જ પ્રશંસાજનક બાબત છે. આ વખતે કમોસમી વરસાદ અને બરફના કરાના કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે. આ દુખના સમયમાં સરકાર ખેડૂતોની સાથે છે. ખેડૂતોને વિજળી મળી રહી નથી. ખાતરોની કિંમતોને લઇને ખેડૂતો નારાજ છે. મોદીએ ખાતરી આપી હતી કે, સંકટના આ સમયમાં ખુબ જ ગંભીરતાપૂર્વક ખેડૂતોને મદદ કરવામાં આવશે. ઈમાનદારીથી મદદ કરવામાં આવશે. ભૂમિ અધિગ્રહણ બિલને લઇને ભ્રમ ફેલાવવામાં આવી રહ્યા છે. ૨૦૧૩માં ઉતાવળમાં કાયદો લવાયો હતો. અમે પણ તેને ટેકો આપવા માટે ઉભા રહ્યા હતા પરંતુ હવે કાયદામાં ફેરફારની જરૂર દેખાઈ રહી છે. અગાઉના કાયદા લાગૂ થયા હતા પરંતુ ખેડૂતોને વળતરમાં ફાયદો થયો ન હતો. ૨૦૧૩માં બનેલો કાયદો ખેડૂતો સાથે વિશ્વાસઘાત સમાન હતો. ભૂમિ બિલ ઉપર ભાષણબાજી થઇ રહી છે. ૧૩ કામ માટે ખેડૂતોને એજ વળતર આપવામાં આવશે. ખેડૂતોની પ્રગતિ થાય, તેમના બાળકો શિક્ષિત બને, ખેડૂતના પરિવારના યુવકોને નોકરી મળે તે ખુબ જ જરૂરી છે. હાઈવે બનાવવા પર ખેડૂતને ચાર ગણા વળતરની મોદીએ જાહેરાત કરી હતી. ૨૦૧૩માં કાયદો બન્યો હતો પરંતુ રાજ્યોએ તેનો અમલ કર્યો ન હતો. મોદીએ કહ્યું હતું કે, સૌથી પહેલા બિનઉપયોગી જમીનનો ઉપયોગ કરાશે. સૌથી પહેલા સરકારી જમીનનો ઉપયોગ થશે. છેલ્લે પાક જમીનનો ઉપયોગ કરવામાં આવશે. જરૂર કરતા વધારે જમીન મેળવવામાં આવશે નહીં. ખેડૂતોના બાળકો માટે યોજનાઓ બનાવવામાં આવી છે. વળતરને લઇને બિલમાં સુધારા કરાયા છે. કોઇના અધિકારો આંચકી લેવામાં આવશે નહીં. ખેડૂત કોઇપણ કોર્ટમાં જઇ શકે છે. વાસ્તવિકતાને સમજવાનો સમય આવી ગયો છે. ગામમાં માર્ગો બને તે ખુબ જરૂરી છે. નવા વટહુકમમાં ૨૦૧૩ના તમામ કાયદા રહેશે. ભ્રમ ફેલાવનાર લોકોની વાતમાં ન આવવા મોદીએ કહ્યું હતું. લાંબા પ્રોજેક્ટો માટે સમયની જરૂર હોય છે. અમે નિશ્ચિત સમયમર્યાદા નક્કી કરી ચુક્યા છે. પીપીપી મોડલને લઇને પણ ભ્રમ ફેલાવવામાં આવે છે. જે કંપની રોડ બનાવશે તે રોડને લઇને જશે નહીં. ઘર ચલાવવા માટે રોજગાર જરૂરી છે. ગામના ખેડૂતોને ફાયદો થાય તેવો અમારો હેતુ છે. મોદીએ ૩૦ મિનિટ સુધી ખેડૂતો સાથે વાતચીત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ૧૨૦ વર્ષ જુના કાયદા રહેલા છે જેમાં ખેડૂતની જમીન મેળવવામાં આવે છે.

કોંગ્રેસ ઉપર મોદીએ પરોક્ષરીતે પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, જે લોકો આજે ખેડૂતોના સહાનુભૂતિવાળા પોતાને દર્શાવી રહ્યા છે અને તેમના હિત માટે લડત ચલાવી રહ્યા છે તે જ લોકોએ ખેડૂતોની જમીન ૬૦થી ૬૫ વર્ષથી મેળવીને ૧૨૦ વર્ષ જુના કાયદાનો ઉપયોગ કર્યો છે અને આજ લોકો હવે તેમની સરકારને ટાર્ગેટ બનાવી રહ્યા છે.

મોદી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે : કોંગ્રેસ

નવીદિલ્હી, તા. ૨૨

જમીન અધિગ્રહણ બિલ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાત કાર્યક્રમને કોંગ્રેસે ફગાવી દીધી છે અને કહ્યું છે કે, આ કાર્યક્રમમાં પણ ખેડૂતોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કર્યા છે. મન કી બાત સંપૂર્ણપણે ખોટી વાત છે. કોંગ્રેસે પ્રહાર કરતા કહ્યું છે કે, મોદીના કાર્યક્રમમાં રજૂ કરવામાં આવેલી બાબતો ખોટી છે. મોદીએ અગાઉ સવારે રેડિયો સંબોધનમાં કહ્યું હતું કે, જમીન અધિગ્રહણ બિલ પર લોકો વચ્ચે ભ્રમ ફેલાવવામાં આવે છે. આ કાર્યક્રમ બાદ કોંગ્રેસના નેતા જયરામ રમેશે પત્રકાર પરિષદ યોજીને મોદી ઉપર પ્રહારો કર્યા હતા.તેમમે કહ્યું હતું કે, મોદીના કાર્યક્રમમાં રજૂ કરવામાં આવેલી બાબતો ખોટી હતી. પીએમ પદના ગૌરવને જાળવી રાખીને તેઓ સીધા પ્રહાર કરી રહ્યા છે. રમેશે કહ્યું હતું કે, તેમની સરકારે ૧૩ નિયમોમાં સુધારા કરીને કોઇ મોટુ કામ કર્યું નથી. ૨૦૧૩માં યુપીએ સરકારે જે કાયદો બનાવ્યો હતો તેમાં પણ આ બાબતોનો પહેલાથી જ ઉલ્લેખ હતો. આમા સુધારાની જરૂર છે. જયરામ રમેશે કહ્યું હતું કે, આ સુધારા રેલવે, સિંચાઈ સાથે સંબંધિત હતા. કોંગ્રેસે પોતાના સુધારામાં કહ્યું હતું કે, એક વર્ષની અંદર ૧૩ કાયદાઓને સુધારવામાં આવશે. રમેશે કોંગ્રેસ સરકારની વાત કરતા કહ્યું હતું કે, મોદી એમ કહીને દેશના લોકોને એમ કહીને ગેરમાર્ગે દોરી રહ્યા છે કે, ૨૦૧૩ના જમીન અધિગ્રહણ કાયદાના કારણે જ રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રોજેક્ટોમાં વિલંબ થયો હતો. બીજી બાજુ કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદ પટેલે પણ મોદી ઉપર ખેડૂતોને આપવામાં આવેલા વચનોથી પીછેહઠ કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેમાં લઘુત્તમ સમર્થનમુલ્યમાં ૫૦ ટકા વધારાના વચનનો સમાવેશ થાય છે. પટેલે કહ્યું હતું કે, ભાજપના શાસનમાં ખેડૂત આત્મહત્યા કરી રહ્યા છે અને આતંકવાદીઓના હુમલામાં જવાન મરી રહ્યા છે. મોદીએ લોકસભાની ચૂંટણી દરમિયાન હજારીબાગમાં ભાષણ દરમિયાન કહ્યું હતું કે, કોંગ્રેસે અગાઉના જય જવાન જય કિસાનના નારાને બદલી નાખ્યું છે. ખેડૂતોને એમએસપીમાં કોઇ ફાયદો પણ અપાયો નથી.

એલએસીના સ્પષ્ટીકરણનો મુદ્દો છવાશે

ભારત-ચીન વચ્ચે આજથી બે દિવસની સરહદી ચર્ચા

નવીદિલ્હી, તા. ૨૨

ભારત અને ચીન આવતીકાલે દિલ્હીમાં સરહદી મંત્રણા શરૂ કરી રહ્યા છે. સરહદી મંત્રણામાં ૧૮માં દોરને લઇને ઉત્સુકતા પ્રવર્તી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ આ મંત્રણાનો પ્રથમ રાઉન્ડ છે. બંને પક્ષો વાસ્તવિક અંકુશરેખા અથવા તો એલએસીના સ્પષ્ટીકરણ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ખાસ પ્રતિનિધિઓ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોઅલ ચીની સમકક્ષ અને સ્ટેટ કાઉન્સિલર યંગ સાથે વાતચીત કરશે. બંને દેશોમાં મજબૂત લીડરશીપના પરિણામ સ્વરુપે જટિલ સમસ્યાનો ઉકેલ આવે તેવી આશા દેખાઈ રહી છે. બેદિવસની આ મંત્રણા એવા સમયે યોજાઈ રહી છે જ્યારે સ્થિતિ હવે હળવી બની રહી છે. ગયા વર્ષેસપ્ટેમ્બર મહિનામાં ચીની પ્રમુખ જિનપિંગ ભારતની ઐતિહાસિક યાત્રાએ આવ્યા હતા તે દરમિયાન વિવિધ વિષય ઉપર સહમતિ થઈ હતી. જિનપિંગની ભારત યાત્રા દરમિયાન જ ચીની સૈનિકોએ લડાખ પ્રદેશમાં ઘુસણખોરી કરી હતી. આ સમસ્યાને જિનપિંગની યાત્રા બાદ બંને પક્ષોદ્વારા સફળરીતે ઉકેલી લેવામાં આવી હતી. નરેન્દ્ર મોદીએ ચીની સૈનિકોના ઘુસણખોરીના પરિણામ સ્વરુપે એલએસીના સ્પષ્ટીકરણ ઉપર મુખ્ય ભાર મુક્યો હતો. જિનપિંગે પણ કહ્યું હતું કે, દરેક સમસ્યાઓને મંત્રણા મારફતે ઉકેલવામાં આવશે. આવતીકાલે યોજાનારી બેઠકમાં એલએસી સ્પષ્ટીકરણનો મુદ્દો મુખ્યરીતે છવાશે.

મે મહિનાના અંત પહેલા મોદી ચીનની ઐતિહાસિક યાત્રા ઉપર જનાર છે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ ગયા મહિને જ ચીનની યાત્રા કરી ચુક્યા છે. તેઓએ સરહદી મુદ્દાના ઉકેલ માટે વાતચીત કરી હતી. મોદીની યાત્રાની તૈયારીની સમીક્ષા કરી હતી. આવતીકાલથી શરૂ થતી વાતચીત ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થઇ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૬૨માં ભારત અને ચીન વચ્ચે યુદ્ધ થયું હતું. ચીનની દલીલ રહી છે કે, અરુણાચલ પ્રદેશમાં ૨૦૦૦ કિમી સુધી સરહદી વિવાદ મર્યાદિત છે પરંતુ ભારતનો મત અલગ રહ્યો છે.

બીપીઓ સ્થાપિત કરવા માટે ટુંકમાં માર્ગદર્શિકા જારી થશે

નવી દિલ્હી,તા. ૨૨

ઉત્તરપ્રદેશ, બિહાર અને ઓરિસ્સા જેવા રાજ્યોમાં નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારમાં બીપીઓ સ્થાપિત કરવા માટે મોદી સરકાર ટુંક સમયમાં માર્ગદર્શિકા જારી કરશે. માર્ગદર્શિકા તૈયાર કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઇ છે. આ માર્ગદર્શિકા પહેલી એપ્રિલ ૨૦૧૫ પથી અમલી બનાવાય તેવી શક્યતા છે. ટેલિકોમ પ્રધાન રવિ શંકર પ્રસાદે કહ્યું છે કે દેશભરમાં નાના ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાં બીપીઓ સ્થાપિત કરવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા જેવા રાજ્યોમાં માર્ગદર્શિકા જારી કરવામાં આવનાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આ શેહેરોમાં બીપીઓ સ્થાપિત કરવાથી આ તમામ જગ્યાએ આર્થિક સ્તરને અપગ્રેડ કરવામાં ખુબ મદદ મળશે. તેમણે એમ પણ કહ્યું હતું કે રોજગારીની વધારે તક સર્જવામાં આવનાર છે. આના કારણે લોકો તેમના વિસ્તારમાથી હિજરત કરશે નહી અને તેઓ ત્યાં જ નોકરી કરી શકશે.

દિલ્હી, બેંગલોર અને મુબઇ જેવા મોટા શહેરોમાં રોજગારી શોધવા માટે તેમને જવુ પડશે નહી. ડિઝીટલ ઇન્ડિયા પ્રોગ્રામની દિશામાં આ મોટુ પગલુ રહેશે. આના કારણે ટાયર-૨ અને ટાયર-૩ શેહેરોને જોડવામાં મદદ મળશે. વૈશ્વિક નકશા સાથે દેશમાં આ શહેરોને જોડી શકાશે.સરકાર રાજ્ય સરકારો સાથે બીપીઓ સ્થાપિત કરવાના મુદ્દા પર ચર્ચા કરી રહી છે. ૨૪ કલાક વિજળી અને અન્ય માળખાકીય સુવિધાની જેમ જ આ મુદ્દાને પણ હાથ ધરવામા આવનાર છે. વિજળી અને અન્ય સુવિધા સ્થાપિત કરવામાં આવ્યા બાદ રાજ્યોને સરળતાથી બીપીઓ સેન્ટર સ્થાપિત કરવા માટે આમંત્રણ આપી શકાશે. મોદી સરકારની આ હિલચાલને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

સંસદભવન પરિસરમાં લાગી ભીષણ આગ

નવી દિલ્હી, તા. ૨૨

સંસદભવનમાં ભીષણ આગ લાગી હતી. આગ એટલી ભયાનક હતી કે ધુમાડાના ગોટેગોટા ઉડી રહ્યા હતા. રકાબગંજ ગુરુદ્વારાની સામે આવેલા સંસદભવનના દરવાજા નજીક આગ લાગી હતી. આ આગ સંસદના એરકંડિશન પાવર સ્ટેશનમાં લાગી હતી.

સંસદ ભવનની આસપાસના વિસ્તારને ખાલી કરાવી દેવાયો હતો. અને કોઈ જાનમાલનાં નુકસાનની માહિતી મળી નથી. પ્રાથમિક માહિતી અનુસાર શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું જણાયું હતું. ફાઈટ ફાઈટરને બપોરે ૨.૩૦ વાગે આગની જાણકારી મળી હતી જયારે બપોરે ૨.૪૦ વાગ્યે આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.

મોદી સરકારે યાત્રાઓ પર ૩૧૭ કરોડનો કરેલો ખર્ચ

નવી દિલ્હી,તા. ૨૨

કેન્દ્રમાં મોદી સરકારે વિવિધ યાત્રા પર પોતાની અવધિના પ્રથમ વર્ષમાં ૩૧૭ કરોડની રકમ ખર્ચ કરી છે. આ રકમ યુપીએ-૨ની કેબિનેટ દ્વારા ગયા વર્ષે યાત્રા પર ખર્ચ કરવામાં આવેલી ૨૫૮ કરોડ રૂપિયાની રકમ કરતા ૫૯ કરોડ વધારે છે. પરંતુ યુપીએ સરકારના છેલ્લા પાંચ વર્ષના સરેરાશ ખર્ચની વાત કરવામાં આવે તો મોદી સરકારનો યાત્રા ખર્ચ અગાઉની સરકાર સમાન છે. આ રકમમાં કેબિનેટ પ્રધાનો, રાજ્યના મંત્રીઓ અને પૂર્વ વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલા ખર્ચ અને વડાપ્રધાન, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ દ્વારા યાત્રા માટે ઉપયોગ કરવામાં આવેલા વિમાનની દેખરેખનો ખર્ચ પણ સામેલ છે. વડાપ્રધાન મોદીએ પોતાની અવધીના પ્રથમ વર્ષમાં પોતાના પ્રધાનોની સરખામણીમાં વધારે યાત્રા કરી છે. હાલમાં સરકારના યાત્રા ખર્ચમાં કોઈ કાપ મુકાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કારણ કે વર્ષ ૨૦૧૫-૧૬ના બજેટમાં પહેલાથી જ આના માટે ૨૬૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી ચુકી છે. મોદીના ૬૫ સભ્યોના મંત્રી પરિષદના વેતન અને અન્ય ભથ્થા પર આ વર્ષે કુલ ૧૪ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે. જે ૭૫ સભ્યોના અગાઉના યુપીએ કેબિનેટની બરાબર છે. જો કે પીએમઓના ખર્ચની વાત કરવામાં આવે તો યુપીએ સરકારના છેલ્લા વર્ષના ૩૧ કરોડની સરખામણીમાં ૨૦૧૪-૧૫માં વધીને આશરે ૪૦ કરોડ છે. પાંચ વર્ષના ગાળા દરમિયાન (વર્ષ ૨૦૦૯-૧૪) યુપીએ-૨ સરકારે પોતાના પ્રદાનો અને વીવીઆઈપીની યાત્રા પર ૧૫૦૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. જો તેમાં અધિકારીઓના ખર્ચને સામેલ કરવામાંઆવે તો ખર્ચનો આંકડો બેગણો થઈ જાય છે. બજેટના દસ્તાવેજો દર્શાવે છે કે પ્રધાનોના પ્રવાસ બિલમાં દર વર્ષે વધારો થાય છે. કેટલીક વખત ફુગાવાના આંકડા કરતા પણ વધારે ખર્ચનો આંકડો પહોંચે છે. એટલે કે ગયા વર્ષે સત્તા પરિવર્તન થયા બાદથી આ મામલે કોઈ ફેરફાર થયા નથી. કેન્દ્રિય બજેટ ૨૦૧૪-૧૫માં જણાવવામાં આવ્યું છે કે સત્તાવાર પ્રવાસ પર ખર્ચને લઈનેચિત્ર સ્પષ્ટ છે. પ્રવાસ ખર્ચનો આંકડો ૨૦૧૪-૧૫માં ૩૧૬.૭૬ કરોડ રહ્યો છે. જ્યારે જ્યારે પગાર અને ભથ્થામાં ખર્ચનો ૧૪ કરોડથી વધારે ખર્ચ કરાયો છે.

ખુબસુરત શ્રુતિની ૨૦૧૫માં છ ફિલ્મો રજૂ થાય તેવી વકી

મુંબઇ,તા. ૨૨

બોલિવુડની સૌથી ખુબસુરત અભિનેત્રીઓમાં સ્થાન ધરાવનાર શ્રુતિ હસન વર્ષ ૨૦૧૫માં કુલ છ ફિલ્મોમાં નજરે પડનાર છે. આ વર્ષે તેની છ ફિલ્મો રજૂ કરવામાં આવનાર છે. જે છ ફિલ્મો છે તે પૈકી ચાર બોલિવુડની અને બે દક્ષિણ ભારતની ફિલ્મો છે. આ બે ફિલ્મોમાં એક તમિળ અને એક તેલગુ ફિલ્મનો સમાવેશ થાય છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે શ્રુતિ પાસે જે

બોલિવુડ ફિલ્મો છે તેમાં અક્ષય કુમારની સાથે ગબ્બર, જહોન અબ્રાહમ સાથે રોકી હેન્ડમ અને વેલકમ બેકનો સમાવેશ થાય છે. યારામાં તે વિદ્યુત જામવાલની સાથે નજરે પડનાર છે. ડાઉન સાઉથમાં તે એક તમિળ અને એક તેલુગુ ફિલ્મમા કામ કરી રહી છે. તે હાલ ૨૪ કલાક કામ કરી રહી છે. પોતાની પાસે રહેલા તમામ પ્રોજેક્ટને ઝડપથી અને ગંભીરતાપૂર્વક પૂર્ણ કરવાની દિશામાં આગળ વધી રહી છે. તેની પાસે માત્ર ફિલ્મો જ નહી બલ્કે અનેક મોટી જાહેરાતો પણ છે. જેમાં તે કામ કરી રહી છે. બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પણ તે રહી છે. તે વિવિધ પ્રોજેક્ટ સાથે જોડાયેલી રહી છે. તાજેતરમાં જ તે અન્ય એક તમિળ અને તેલુગુ ફિલ્મમાં કામ કરવા સાઇન કરી ચુકી છે.

શ્રુતિ દક્ષિણ ભારતમાં સોશિયલ નેટવર્કિંગ સાઇટ પર ખુબ લોકપ્રિય છે. તેના ફોલોઅર્સ હવે રજનિકાંત કરતા પણ વધારે થઇ ચુક્યા છે. તેની લોકપ્રિયતા સતત વધી રહી છે. શ્રુતિ મહાન કમલ હાસનની પુત્રી છે. શ્રુતિ તેના પિતા અને મહાન અભિનેતા કમલ હાસનની જેમ ભારે લોકપ્રિયતા વિશ્વભરમાં મેળવી લેવા માટે ઉત્સુક છે.

કલમ ૪૯૮-એને સમાધાનલક્ષી બનાવાશે

દેશમાં ૧૦ ટકા દહેજના કેસ ખોટા : કાયદામાં સુધાર થશે

નવી દિલ્હી,તા. ૨૨

દેશમાં દર વર્ષે મોટી સંખ્યામાં દહેજના કેસ સપાટી પર આવે છે. દહેજના દુષણને રોકવા માટે તમામ પગલા તમામ સ્તરે લેવામાં આવ્યા હોવા છતાં દહેજના કેસોમાં ઘટાડો થઈ રહ્યો નથી. દહેજના કાયદાનો દુરૂપયોગ પણ મોટા પાયે થાય છે. જેના કારણે કેટલાક કેસોમાં પ્રમાણિક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેમને કેસની કાયદાકીય ગુચનો સામનો કરવો પડે છે. દેશમાં દહેજ સાથે સંબંધિત કાયદાનો દુરૂપયોગ સૌથી વધારે થાય છે. સરકાર હવે દહેજ સાથે સંબંધિત કાયદામાં મોટા પાયે ફેરફાર કરવાની ઈચ્છા ધરાવે છે. જેની તૈયારી હાથ ધરવામાં આવી છે. હાલમાં જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે દર વર્ષે દહેજ સતામણી ની ૧૦૦૦૦થી વધારે ફરિયાદ ખોટી હોય છે. આંકડા દર્શાવે છે કે દર વર્ષે ૯૦,૦૦૦થી એક લાખ કેસમાં દર વર્ષે તપાસ કરવામાં આવે છે. સરકાર હવે કાયદામાં સુધારા કરવા જઈ રહી છે. જેમાં કઠોર જોગવાઈ છે જે પૈકી કેસ ખોટો અને બનાવટી નિકળે તો દંડની રકમ હાલમાં ૧૦૦૦ની સામે ૧૫૦૦૦ રૂપિયા રહેશે. સરકાર હવે દહેજ કાયદામાં ફેરફાર કરવાની તૈયારીમાં છે. દર વર્ષે દહેજ સાથે સંબંધિત આશરે એક લાખ મામલામાં ૧૦ હજાર કેસ ખોટા હોય છે. આઈપીસીની કલમ ૪૯૮-એને સમાધાન યોગ્ય બનાવવામાં આવશે. હજુ પણ આ કાયદામાં સમાધાન અને જામીન બંનેની જોગવાઈ નથી. કેસ સપાટી ઉપર આવતાની સાથે જ યુવકના પક્ષના લોકોને તાત્કાલિકરીતે તપાસમાં નિર્દોષ સાબિત ન થાય ત્યાં સુધી કસ્ટડીમાં લઈ લેવામાં આવે છે. ખોટા દહેજ સતામણીના કેસ અને ખોટા જાતિય સતામણીના કેસો ખુબ મોટી સંખ્યામાં નોંધાય છે. દહેજના મામલામાં રાજસ્થાનમાં સૌથી વધારે કેસો નોંધાયા છે. બીજી બાજુ અન્ય રાજ્યોમાં પણ આવા કેસ નોંધાયા છે. ગૃહમંત્રાલયના સૂત્રોની વાત માનવામાં આવે તો મુસદ્દા રિપોર્ટ તૈયાર કરીને કેબિનેટને કલમ ૪૯૮-એમાં ફેરફાર કરવા મોકલી દેવામાં આવ્યો છે. આ ફેરફાર બાદ જો આ કેસ બનાવટી હશે તો કઠોર પગલા લેવાશે. ડિસેમ્બર ૨૦૧૪માં દહેજ કાયદાને લઈને સરકાર પીછેહઠ કરી ચુકી છે.

વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટના ત્રણ માસના પર્વતારોહણ પ્રારંભે નેપાળના ગોરખશેપથી યાક દ્વારા બેઈઝ કેમ્પ સુધી માલસામાન પહોંચાડાઈ રહ્યો છે.

નવી મુંબઈ-જબલપુરમાં ચર્ચ ઉપર હુમલા કરાયા

મુંબઈ, તા. ૨૨

દેશના જુદા જુદા ભાગોમાં હાલમાં ખ્રિસ્તી સમુદાયના ધાર્મિક સ્થળો પર હુમલા કરવામાં આવ્યા છે. હુમલાના શિકાર થયેયા ખ્રિસ્તી ધાર્મિક સ્થળોની યાદીમાં હવે બે વધુ જગ્યા સામેલ થઇ ગઇ છે. નવેસરના હુમલા મુંબઇ અને મધ્યપ્રદેશના જબલપુરમાં કરવામાં આવ્યા છે. નવી મુંબઇમાં એક ચર્ચ પર પથ્થર ફેંકવામાં આવ્યા હતા. જ્યારે જબલપુરમાં ચર્ચના કેમ્પસમાં તોડફોડ કરવામાં આવી છે. શનિવારે વહેલી પરોઢે માઇક પર આવેલા શખ્સોએ નવી મુંબઇના પલવેલ વિસ્તારમાં સેન્ટ જ્યોર્ડ કેથલિક ચર્ચ પર પથ્થર ફેંક્યા હતા. પથ્થર ફેંકનાર લોકો પોતાના ચહેરાને ઢાંકીને આવ્યા હતા. આ બનાવમાં સેન્ટ જ્યોર્જની પ્રતિમાની બહાર લગાવવામાં આવેલા કાચને નુકસાન થયું હતુ. પોલીસે વણઓળખાયેલા લોકો સામે એફઆઇઆર નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર ઘટના સીસીટીવીમાં રેકોર્ડ થયેલી છે. પોલીસ દ્વારા ફુટેજમાં તપાસ કરી રહી છે. હજુ સુધી આ મામલે કોઇની ધરપકડ કરવામાં આવી નથી.

દેશમાં વિદેશી રોકાણમાં ૧૬૨ ટકા વધારો

નવીદિલ્હી, તા. ૨૨

એપ્રુવલ રૂટ મારફતે ભારતમાં વિદેશી સીધા રોકાણમાં ૧૬૨ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થયો છે. જેથી આ આંકડ વધીને ૧.૯૧ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ દસ મહિનામાં આ આંકડો નોંધાયો છે. જે સંકેત આપે છે કે બિઝનેસ સરળ કરવા અને એફડીઆઈ ધારાધોરણને સરળ બનાવી દેવામાં આવ્યા બાદ તેના પરિણામ દેખાઇ રહ્યા છે. સંપૂર્ણ ૨૦૧૩-૧૪નાં નાણાંકીય વર્ષ દરમિયાન સરકારી એપ્રુવલ રૂ મારફતે રોકાણનો આંકડો ૧.૧૮ અબજ ડોલર સુધી પહોંચ્યો હતો. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશન દ્વારા એકત્રિત કરવામાં આવેલા આંકડામાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. એપ્રિલ-જાન્યુઆરીના ગાળા દરમિયાન એફડીઆઈન આંકડો સંકેત આપે છે કે સરકાર ઝડપથી દરખાસ્તોને મંજૂરી આપી રહી છે. વિદેશી રોકાણકારોની જરૂરીયાત અંગે તે ઝડપથી લોકો સુધી પહોંચી રહી છે. ભારતને લઈને વિદેશી રોકાણકારો ખુબ જ હકારાત્મક દેખાઇ રહ્યા છે. સેન્ટીમેન્ટમાં પણ સુધારો થઇ રહ્યો છે. બિઝનેસના માહોલમાં ઘણી બધી સારી બાબતો જોવા મળી રહી છે. નાણાં મંત્રાલય હેઠળ કામ કરનાર આંતરપ્રધાન સ્તરની એક સંસ્થા તરીકે એફઆઈપીબી છે. જે વિદેશી રોકાણ સાથે સંબંધિત દરખાસ્તોને લીલીઝંડી આપે છે. એપ્રિલ-જાન્યુઆરીના ગાળા દરમિયાન કુલ વિદેશી પ્રવાહમાં પણ વાર્ષિક આધાર પર ૩૬ ટકાનો વધારો થયો હતો. જાન્યુઆરીમાં વિદેશી સીધા રોકાણનો આંકડો બેગણો થઈને ૪.૪૮ અબજ ડોલર થઈ ગયો છે. જે છેલ્લા ૨૯ મહિનામાં સૌથી જંગી પ્રવાહ છે. વર્ષ ૨૦૧૩-૧૪માં એફડીઈનો આંકડો ૨૪.૨૯ અબજ ડોલર રહ્યો હતો. જે એક વર્ષ અગાઉ ૨૨.૪૨ અબજ ડોલર હતો. મોદી સરકાર દેશમાં એફડીઈને પ્રોત્સાહન આપવા માટે સંબંધિત તમામ પગલા લઈ રહી છે.